Vol. 7, Issue: 6, June: 2019
(IJRSML) ISSN: 2321 - 2853

# દર્શક કૃત 'સોક્રેટિસ' નવલકથાનું ગદ્ય

ધર્મેન્દ્ર આર. પટેલ

'સોક્રેટિસ' દર્શકની બધી જ નવલકથાઓમાં મહત્વાકાક્ષી કૃતિ છે.આ એક ઘટનાપ્રધાન નવલકથા છે.તેનું કેન્દ્રવર્તી સર્જનતત્વ સોક્રેટિસનું ચરિત્રસર્જન અને મીડિયા-એપોલોડોરસની પ્રણયકથા તથા તેની સોક્રેટિસના ચરિત્ર સાથે સમાન ગતિ અને યોગ છે. વળી આ બધી જ ઘટનાઓ એથેન્સની ભૂમિ પર અને ગ્રીસના યુગાન્તર કરાવનાર ઇતિહાસપ્રવાહ સાથે જોડાયેલી છે એ પણ નવલકથાનું આકર્ષક અંગ છે. દેશકાળ તો ઠીક, પણ સંસ્કાર પરંપરાઓમાં પણ ભિન્ન એવાસંદર્ભની કથા રચનામાં પ્રતિભાની વિશેષ કસોટી થાય છે. ગ્રીસની ભૂરચના, એથેન્સ નગરનો પથરાટ, અનેક દ્વિપોવાળો સાંકળો-પહોળોદરિયો, દેશાન્તરની ખાણો, દેવદેવીઓના મંદિરો અને આરાધનાવિધિઓ, મેદાની સંગ્રામો, નગરોના ઘેરાઓ, સેનાનીઓની આગેકૂચ-પીછેહઠ,ઘાયલો અને કેદીઓની યાતનાઓ અને તેમાંય ચમકતું વીરત્વ,ધૃતિ અને દાક્ષિણ્ય એ સર્વેના માત્ર આસમાની વર્ણનો જ નહિવાસ્તવિક લાગે તેવા પ્રતીતિજનક વર્ણનો'સોક્રેટિસ'ના ગદ્યનુંઆકર્ષક અંગ છે.આ બધી કથામાં અળગી વસ્તુઓ નથી,અંગરૂપ છે, કેમ કે તેથી ગ્રીક જીવનની પરિપાટી પ્રત્યક્ષ થાય છે.કથાના ઉપસંહારમાં એપોલોડોરસઅને તેના થોડા સાથીઓ કેદમાંથી મૂકત થાય છે. એ ગૌણ પણ કથાની વેધક ઘટના છે. ગદ્યમાં નિરૂપાયેલો કરૂણ હ્દયદ્રાવક છે.

### ૧. વર્ણનાત્મક ગદ્ય

વર્ણનાત્મક ગદ્ય એ લેખકનું સિદ્ધહસ્ત ગદ્ય છે.એમાં એમની શૈલીલીલયા વિહરે છે. અને જુદી જ આબોહવા બાંધે છે.નિસર્ગની શોભાનું તેમને જબરું આકર્ષણ છે.સૌંદર્ય જયાં જયાં પડયું હોય ત્યાંથી ઉપાડી લેવા તેઓ તત્પર બને છે અને એને ભાષા દ્વારા અનેરા કસબથી અભિવ્યક્ત કરે છે. તેમની નવલકથાઓમાં માત્ર પ્રાકૃતિક વર્ણનો જ નહિ, પરંતુભૌતિક વર્ણનો પણ આકર્ષણનું કેન્દ્ર બન્યાં છે.'સોક્રેટિસ'નવલકથામાં પ્રાકૃતિક તેમજ ભૌતિક એમ બન્ને પ્રકારના વર્ણનો જોવા મળે છે.પ્રાકૃતિક વર્ણનોમાં વિનાશક વરસાદનું વર્ણન, પ્રભાતનું વર્ણન, રાત્રિનું વર્ણન, સંધ્યાનું વર્ણન,ગરૂડનીડનું વર્ણન,એટિકાના મેદાનું વર્ણન, ગઢી અને બીડનું વર્ણન, સમુદ્રનું વર્ણન, મેદાનોનું વર્ણન,વગેરેવર્ણનો આકર્ષણનું કેન્દ્ર બન્યાં છે. દર્શકનું વર્ણનાત્મક ગદ્ય કાકાસાહેબના લલિત નિબંધોનીયાદ અપાવે છે.'સોક્રેટિસ'નવલકથામાં ગરૂડનીડનું વર્ણન આ રીતે થયું છે.

" વિશાળ ખેતરને છેડે પથરાયેલા બીડને ઇજિયન સમુદ્રનો છેડો સ્પર્શે છે.બીડના ઘૂંટણો ઊંચા ઘાસમાં ચરતી ઇન્દ્રિયગોપના લાલ મખમલ શા રંગવાળી ગાયોને સમુદ્ર રોજ પોતાના મોજારૂપી હાથોથી પંપાળી રહેલ છે.સમુદ્રની સામી બાજુ વનાંચલ પહેરેલ પહાડોની હારમાળા છે. આ પહાડોએ જ પ્રસારેલો નાનકડો ઝરો, ખેતરને ચીરી બીદને સ્પર્શતો, સમુદ્ર સાથે ગોષ્ઠિ કરતો, એક બાજુ સમુદ્રને મળી જાય છે. ભરતી વખતે ઝરાનું ગાન મૌન બની જાય છે પણ જેવી ઓટ શરૂ થઇ કે તરત હવે મારું ગાન સાંભળો કહી ખળખળ વહેવાનું શરૂ થઇ જાય છે.

વાડીનો મોટો ભાગ ઓલીવના બગીચા અને દ્રાક્ષના માંડવાઓએ રોકેલ છે. ક્રિટો દ્રાક્ષની ખેતીનો પારંગત જણાય છે. દુર દુરના ભાત ભાતની દ્રાક્ષોના એણે અહી માળો જમાવ્યોં છે.ખાટી, ખટમુરી,અતિમધુરી, પારદર્શક છાલવાળી કીડાની સૂંઢ પણ ન પેસે તેવી જાડી છાલવાળી, કઠણ બીજવાળી, બીજવગરની, દ્રાક્ષાસવ માટેની સૂકાય તેવી તાજી, ખાઓં તો અમૃત જેવી, ને પહોર

જતાં ગંધાઇ ઊઠે તેવી ક્ષણભંગૂર, છતાં અદ્દભૂત માયાથી વીટાયેલાં સંસારની યાદ આપે તેવી ઘેરી લાલ, આછી ગુલાબી ગુલાબને આંટે તેવી ગુલાબી, ઘૂંટેલ કાળા રંગવાળી, આછી આસમાની, માણેકને શરમાવે તેવો લીલો રંગધરનારી, પાર્થિનોના આરસ જેવી પીળચટી, ને ડેલ્ફીની દેવદર્શીનીઓને ઈર્ષા આવે તેવી ધવલ રંગવાળી કેટકેટલી દ્રાક્ષો! આરમેનિયા, પારસ,આયોનિયા,સિસિલ, કાર્થેજ-સાયપ્રેસ, મેસોડોનિયાઅને છેક ગંધારની જયાંથી મળે ત્યાંથી દ્રાક્ષની જાતો એકઠી કરી છે.'' ('સોક્રેટિસ' પૃષ્ઠ-૯૯)

પ્રસ્તુત ગદ્યખંડોમાં ગરૂડનીડનું નયનરમ્ય વર્ણન થયું છે. વિવિધ અલંકારો, કલ્પનો અને ઇન્દ્રિયસમર્પક સંવેદનોથી થયેલું વર્ણન આસ્વાદ્ય બન્યું છે. પહાડોની હારમાળામાંથી વહેતા ઝરાનું વર્ણનસજીવારોપણથી થયું છે.જેમ કે 'ભરતી વખતે ઝરાનું ગાન મૌન બની જાય છે પણ જેવી ઓટ શરૂ થઇ કે તરત હવે મારું ગાન સાંભળો કહી ખળખળ વહેવાનું શરૂ થઇ જાય છે.'ગરૂડનીડનો મોટો ભાગ દ્રાક્ષના માંડવાઓથી રોકાયેલો છે. જાતજાતની અને ભાતભાતની દ્રાક્ષના વર્ણનમાંઇન્દ્રિયસમર્થકતા છે. આપણી વિવિધ ઇન્દ્રિયો જેવી કે જીભ. ત્વચા, નાસિકા અને ચક્ષુનાં સંવેદનો રજૂ થયા છે. દા.ત.'ખાટી ખટમધુરી'માં જીભનું સંવેદન છે.તો વળી 'પારદર્શક છાલવાળી'માં આંખનું સંવેદન છે.'ને પહોર જતાં ગંધાઇ ઊઠે તેવી ક્ષણભંગૂર'માં ગંધનું સંવેદન તથા સમયસંદર્ભપણ વર્ણવાયો છે.'અદ્દભૂત માયાથી વીટાયેલાં સંસારની યાદ આપે તેવી ઘેરી લાલ' જેવા વર્ણનમાં આંખના સંવેદનની સાથે સાથે ઉપમાઅલંકારનો પણ વિનિયોગ થયો છે.'આછી ગુલાબી ગુલાબને આંટે તેવી ગુલાબી, ઘૂંટેલ કાળા રંગવાળી, આછી આસમાની, માણેકને શરમાવે તેવો લીલો રંગધરનારી, પાર્થિનોના આરસ જેવી પીળચટી ને ડેલ્ફીની દેવદર્શીનીઓને ઈર્ષા આવે તેવી ધવલ રંગવાળી કેટકેટલી દ્રાક્ષો'આ રીતે વિવિધ ઉપમાઓ, ઇન્દ્રિયસંવેદનો, કલ્પનોથી થયેલુંવિવિધ પ્રકારની દ્રાક્ષોનું વર્ણન આસ્વાદ્ય બન્યું છે. આ રીતે દર્શક ઇન્દ્રિયસમર્પક વર્ણનો કરી શકે છે.એના કારણે એમના વર્ણનો ઇન્દ્રિયપ્રત્યક્ષ બને છે.

નવલકથામાં પ્રાકૃતિક વર્ણનોની સાથે સાથે ભૌતિક વર્ણનો પણ આસ્વાદનો વિષય બન્યાં છે.ભૌતિક વર્ણનોમાં શયનખંડના વર્ણનો, સત્કારખંડના વર્ણનો, શસ્ત્રાગારના વર્ણનો, યુદ્ધના વર્ણનો, અને તેમાં ભૂમિ યુદ્ધના વર્ણનો, નૌકાયુદ્ધના વર્ણનો ગદ્યનું એક આકર્ષક અંગ બન્યાં છે.યુદ્ધના વર્ણનોમાં લેખકનું ગદ્ય દૃશ્યચિત્રો ખડા કરે છે.આ પ્રકારના વર્ણનો ભયાનકતા ધારણ કરે છે.દૃશ્યાત્મકતાના કારણે આ પ્રકારના વર્ણનો પ્રત્યક્ષ યુદ્ધનો અનુભવ કરાવે છે.

**૨. કથનાત્મક ગદ્ય**

નવલકથાના ગદ્યની બીજી વિશેષતા તેમાનું કથનાત્મક ગદ્ય છે. મીડિયાની માતા કોઇ એથેનિયન નહતી, પણ કલાવંતી હતી આવી કલાવંતી સ્ત્રીઓના કાર્યો, તેમની ઇચ્છાઓ તથા તેમના અધિકારો અને સંતાનો પ્રત્યેની લાગણીને કથનમાં આ રીતે રજૂ કરવામાં આવી છે:

''તેના સાંભળવા મૂજબ તેની માં એથેનિયન ન હતી,કોઇ કલાવંતી હતી. મીટેલસ આવી કલાવંતીઓ માટે આખા ગ્રીસમાં મશહૂર હતું પેરિકલીસની મનોરાજ્ઞી એસ્પેશીયા, મીટેલસની આવી જ કલાવંતી હતી. એથેન્સમાં તેમણે આ વાર વિદ્યાની શાળા શરૂ કરી હતી. તેમાં સંગીત વિદ્યા કે પ્રશાસન વિદ્યા જ નહોતી શિખવાતી, પણ ગણિત, ભૂમિતી ખગોળની વાત પણ શિખવાતી. મીડિયાની માં પણ આવી  કલાવંતીમાં હતી. તેના સાભળ્યાં મૂજબ ક્રીટોના ભાઇ એથેન્સના કાયદા પ્રમાણે કલાવંતીને પરણી ન શકે પણ પોતાના સંતાનોને પોતાના તરીકે ઓળખાવી શકે તેમ હતું.નાગરિકના અધિકારો અપાતા ન હતાં. કદાચ આ જ કારણે તેના કાકાએ તેને માનવીય કાયદાની કઠોરતા જયાં ન પહોચી શકે તેવા સ્થળોએ મોકલી હતી. જો કે જયારે તેને ડેલ્ફિ મોકલવામાં આવી ત્યારે તે આ બધુ સમજતીહતી તેવું ન હતું.તે  વખતે તો તેની ઉંમર ભાગ્યે જ સાત આઠ વર્ષની હશે. પણ ઉંમર વધતા તેણે

પોતાના કાકાનો આ નિર્ણય પોતાના ગૌરવને જાળવનારો લાગ્યોં હતો. ડેલ્ફિમાં સામાન્ય ગ્રીક કન્યકાઓ માટે જે શકય ન હતું તેવું ઘણું તેને મળ્યું હતું.હોમર અને હેસીઓડની કવિતાઓ તે વીણા ઉપર વગાડતા શીખી હતી પણ તેને પરિતૃપ્તિ નહોતી.હરક્યુલસથી માંડીને જેસન સુધીના અર્ધદેવી પુરુષોના ચરિત્રો તેને મોઢે હતાં. એપોલોને પ્રિય વિવિધ આસવોઅને અત્તરો બનાવતા તે શીખી હતી, તેને પરિતૃપ્તિ નહોતી. ('સોક્રેટિસ' પૃષ્ઠ-૮૯)

કલાવંતીઓની સ્થિતિ તથા તેમના કાર્યોને વર્ણવતું કથનાત્મક ગદ્ય માહિતીપ્રધાન બન્યું છે. મીડિયાની મનોદશા, એથેનિયન અને કલાવંતીઓ વચ્ચેનો ભેદ, એથેન્સમાં શરૂ થયેલી શાળા, તેમાં શીખવાતી વિવિધ વિદ્યાઓ વગેરે બાબતનો ઉલ્લેખ કથનમાં થયો છે.આ ઉપરાંત એથેન્સના કાયદા 'એથેનિયન કલાવંતીને પરણી ન શકે','કલાવંતીના છીનવાયેલા અધિકારો' જેવી બાબતોની વિગત લેખક પરલક્ષી બનીને આપે છે. આ ઉપરાંત 'લઈને છોડી દેનાર', 'રક્ષી ન શકનાર' જેવાં વાક્યો પર ભાર મૂકીને કથનને સ્પષ્ટ બનાવ્યું છે. મીડિયાનું બાળપણ તેના કાકાનો નિર્ણય તેના ગૌરવને જાળવનારો લાગ્યોં- એ બાબત સ્પષ્ટ ભાષામાં રજૂ થઇ છે. એના કારણે કથનનો પ્રભાવ પડે છે.જો કે 'સોક્રેટિસ' નવલકથામાં કથન ઓછું છે. કથાની અભિવ્યક્તિ મોટેભાગે વર્ણન અને સંવાદથી થયેલી છે.

**૩. સંવાદાત્મક ગદ્ય**

નવલકથાના ગદ્યની ત્રીજી વિશેષતા તેમાંના સંવાદો છે.કથાના વર્ણનોની સાથે સાથેસંવાદો પણ ઘણા સબળ છે. દાયોમીદને સ્પાર્ટનો સાથે કાવતરું ઘડવા બદલ મૃત્યુદંડની સજા ફટકારવામાં આવે છે. તેને કારાગારમાં લઇ જતી વખતે રસ્તામાં આવતાં દેવી હીરોના મંદિરમાં તે ઘૂસી જાય છે. દેવી હીરોનું મંદિર અશરણનું શરણ હતું. ભારેમાં ભારે ગુનેગારને પણ તેની અંદરથી બહાર ખેંચી લાવવાનો કોઇને અધિકાર ન હતો. દેવના શરણે રાજસત્તાના હાથ પહોચે નહી. આવી સુરક્ષા મેળવવા દાયોમીદ દેવી હીરોના મંદિરમાં ઘૂસી ગયો હતો. તે સમયના દાયોમીદના પુત્ર ક્રિશ્યસ અને સોક્રેટિસના સંવાદો આસ્વાદ્ય બન્યાં છે.

“મારા પિતાજીને શું એ લોકો ભૂખે મારશે?”સોક્રેટિસે કહ્યું“તે ભૂખે મરી જશે?”“પણ તે ખાવાનું લઇ જવા દે તો શાના ભૂખે મરે? મને અંદર નહિ જવા દે?”સોક્રેટિસે માથુ ધુણાવી ના કહી. કિશોર કહે “પણ સાવ ભૂખ્યાં કેમ રહેવાય?”“તારી વાત સાચી છે, ભૂખ્યાં રહેવું ન ફાવે; પણ તું મારી સાથે ફરવા આવીશ? ફરીને અહી પાછા આવશું”

કિશોર તેની પછવાડે પછવાડે ચાલ્યો. છોકરો કહે “મારું નામ ક્રિશ્યસ છે, મારે માં નથી ને હું એકલો જ છું
“દાદીમાં છે ને?”
“હા, તે આવ્યાં હતા ને?”
બન્નેએ મૂંગા મૂંગા ચાલ્યાં કર્યુ. ક્રિશ્યસ ફરી તેની ચાળ ખેંચી કહે“તમારું નામ?”
“સોક્રેટિસ”
“તમારું નામ તો સાભળ્યું છે, તમને એકવાર જોયા પણ છે.”
સોક્રેટિસ હસી પડયો.
“અમારી પડોશમાં પેલા કવિ યુરિપિડીશ છે ને? તેને ત્યાં તમે મિજલશમાં આવેલા. તેનો છોકરો મારો ભાઇબંધ છે.
વળી ચાળ ખેંચીને કહે“ ભૂખે મરવું તો બહું આકરું છે, ખરુંને?
“હેં જીવ જતો હશે ત્યારે બહું આકરુ દુઃખ પડતું હશે?

Vol. 7, Issue: 6, June: 2019
(IJRSML) ISSN: 2321 - 2853

સોક્રેટિસ ફરી હસીને કહે "એ તો જીવ ગયા વિના કેમ ખબર પડે?"

છોકરો જાણે નવું સૂઝ્યું હોય તેમ ચાલાકીથી કહે "અને જાય અને પછી પાછો આવે પછી કહી શકે ને?('સોક્રેટિસ' પૃષ્ઠ-૧૭૬)

ક્રિશ્યશ અને સોક્રેટિસના ઉપરોક્ત સંવાદો પ્રસંગોપાત તથા પાત્રાનુસારી બન્યા છે. ક્રિશ્યશના સંવાદોમાં બાલસહજ ચંચળતા અને જિજ્ઞાસાવૃત્તિ જોવા મળે છે.જયારે સોક્રેટિસના સંવાદોમાં તેનું પ્રતિભાશાળી અને ન્યાયપ્રિય વ્યક્તિત્વ પ્રગટ થાય છે.અહીં સંવાદો પ્રશ્નોત્તરરૂપે રજૂ થયા છે.જેમ જેમ સોક્રેટિસ ઉત્તર આપતો જાય છે તેમ તેમક્રિશ્યશ ની બાળસહજ ચંચળતા વધતી જાય છે.તેના પ્રશ્નો દ્વારા રજૂ થયેલાં સંવાદોમાં પલટાતી ભાવછટા તેના વિવિધ ભાવોને પ્રગટ કરે છે.સંવાદોને વધારે અસરકારક બનાવવા સર્જકે સોક્રેટિસના સંવાદોમાં ઉદાહરણોનો વિનિયોગ કર્યો છે.સોક્રેટિસ વિવિધ ઉદાહરણોના ઉપયોગથી ક્રિશ્યશ ની ચંચળતા સંતોષવાનો પ્રયત્ન કરે છે.તેના કારણે સંવાદોમાં વાક્યચાતુરી જોવા મળે છે.પ્રશ્નોત્તરરૂપે રજૂ થયેલા સંવાદોમાં બન્ને પાત્રો એકબીજા ઉપર સવાર થવાનો પ્રયત્ન કરે છે અને પોતાના સ્વતંત્ર વ્યક્તિત્વને પ્રગટ કરવાનો પ્રયત્ન કરે છે.

સમગ્ર દષ્ટિએ જોતા સોક્રેટિસ નવલકથાનુંગદ્ય ચોકકસ સાહિત્યિક સ્તરવાળુ છે.ગદ્યમાં નિરૂપાયેલો ગ્રીકનો ભૌગાલિક પ્રદેશ સમુદ્રો, ઢોળાવો, મેદાનો, પર્વતો ખીણો વગેરેનુ દશ્યાત્મક નિરૂપણ અને પરિવેશ પ્રગટીકરણમાં લેખકના ભાષા સામર્થ્યની નોંધ અવશ્ય લેવી પડે. પ્રસંગ- પરિસ્થિતિ તથા ભાવને અનુરૂપ આરોહ-અવરોહયુકતગદ્યશૈલી શિષ્ટ-પ્રશિષ્ટ બોલી કે ગામડામાં પ્રયુકત કહેવતો, કલ્પનો તથા સમાસરચનાઓ દ્વારા ગ્રામીણ તથા શહેરી સમુદાય ખડો થાય છે. નવલકથામાં આવતા ગ્રીક પદ્યખંડો, શિષ્ટ શબ્દો ગ્રીક જીવનનાં ધબકારને ઝાલે છે. વિવિધતાસભર પાત્રો અને તેમની બોલાતી જીવંત ભાષાનો વિનિયોગ કરીને સર્જક નવલકથાના ગદ્યની ક્ષિતિજો વિસ્તારી છે. નવલકથામાં આવતા વર્ણનો અને સંવાદો કથાના ગદ્યની નોંધપાત્ર વિશેષતા બને છે.પ્રસંગનિરૂપણ, પાત્રાનિરૂપણ પાત્રાની વિવિધ ભાવપરિસ્થિતિઓના નિરૂપણમાં કથાનું ગદ્ય આસ્વાદ્ય બને છે.